ગુજરાત માટીકામ કલાકારી અને રૂરલ ટેકનોલોજી સંસ્થાન, ગાંધીનગરના સ્વરોજગારલક્ષી તાલીમ કાર્યક્રમોમાં સુધારા બાબત.

ગુજરાત સરકાર

ઉધોગ અને ખાણ વિભાગ

ઠરાવ ક્રમાંકઃજીએમકે/૧૦૨૦૨૦/૮૧૩/ખ.૧

સચિવાલય, ગાંધીનગર.

તા. /૦૧/૨૦૨૪.

વંચાણે લીધા:

(૧) ઉધોગ અને ખાણ વિભાગનો સરખા ક્રમાંકનો તા.૧૫/૦૧/૨૦૨૧નો ઠરાવ.

(૨) ઉધોગ અને ખાણ વિભાગનો સરખા ક્રમાંકનો તા.૦૮/૦૩/૨૦૨૧નો ઠરાવ

( ૩) ગુજરાત માટીકામ કલાકારી અને રૂરલ ટેકનોલોજી સંસ્થાન,ગાંધીનગર તરફથી સિંગલ ફાઇલ સિસ્ટમથી મળેલ તા.૨૯/૧૨/૨૦૨૩ની દરખાસ્ત

આમુખ:

વંચાણે લીધેલ ક્રમાંક (૧)માં દર્શાવેલ ઠરાવથી ગુજરાત માટીકામ કલાકારી અને રૂરલ ટેકનોલોજી સંસ્થાન, ગાંધીનગરના સ્વરોજગારલક્ષી તાલીમ કાર્યક્રમોની કાર્યપદ્ધતિ અને ધારા-ધોરણો નક્કી કરવામાં આવેલ છે. જેમાં કેટલાક સુધારાઓ કરવા/કેટલીક વિગતો ઉમેરવા વંચાણે લીધેલ ક્રમાંક (૩)થી ગુજરાત માટીકામ કલાકારી અને રૂરલ ટેકનોલોજી સંસ્થાન,ગાંધીનગર તરફથી સિંગલ ફાઇલ સિસ્ટમથી દરખાસ્ત કરેલ. જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

ગુજરાત માટીકામ કલાકારી અને રૂરલ ટેકનોલોજી સંસ્થાનની ઉકત દરખાસ્ત પરત્વે વિચારણાના અંતે અત્રેના સરખા ક્રમાંકના તા.૧૫/૦૧/૨૦૨૧ના ઠરાવના આમુખમાં દર્શાવેલ ક્રમાંક(૧) થી (૧૩) મુજબના તાલીમ કાર્યક્રમ ઉપરાંત નીચે મુજબના વધુ ૩ કાર્યક્રમનો સમાવેશ કરવામાં આવે છે.

| ક્રમ | તાલીમ કાર્યક્રમ | તાલીમનો સમયગાળો |
|---|---|---|
| ૧૪ | ડેકોરેટીવ મીણબતી બનાવટ | ૧૫ દિવસ |
| ૧૫ | માટીના ઘરેણા અને આર્ટીકલ બનાવટની તાલીમ | ૧૫ દિવસ |
| ૧૬ | માટીના કોડીયાફુલ્લડ/ બનાવટની તાલીમ | ૧૫ દિવસ |

ઉપરાંત, અત્રેના સરખા ક્રમાંકના તા.૧૫/૦૧/૨૦૨૧ના ઠરાવમાં નીચે દર્શાવેલ મુદ્દા ક્રમાંક (૧) થી (૭) માં દર્શાવ્યા મુજબના સુધારાઓ કરવામાં આવે છે.

| ક્રમ | વિગત | નિયત ધોરણ |
|---|---|---|

| | | |
|---|---|---|
| ૪ | મકાન ભાડુ | ગ્રામ્યઅને શહેરી વિસ્તાર માટે વીજળીના વપરાશ સાથે મકાન ભાડાની જોગવાઈ મહત્તમ મર્યાદા(માસિક)<br>રૂ. ૮૦૦૦/- મહાનગરપાલિકા વિસ્તાર<br>રૂ. ૬૦૦૦/- શહેરી વિસ્તાર<br>રુ. ૪૦૦૦/- ગ્રામ્ય વિસ્તાર |
| ૫ | ઈન્સ્ટ્રકટરને મહેનતાણું | પ્રતિ માસ રૂ .૧૭,૦૦૦/- |
| ૬ | (૧)આસીસ્ટન્ટ ઈન્સ્ટ્રકટરને મહેનતાણું<br>(૨) ગેસ્ટ લેકચરને માનદ વેતન | (૧) પ્રતિ માસ રૂ. ૧૪,૦૦૦/-<br>(૨)મહત્તમ રૂ.૨૫૦૦/- પ્રતિ દિવસ ની મર્યાદામાં (માસિક ત્રણ વખત) (આવવા-જવાના ખર્ચ સાથે) |
| ૭ | કાચો માલ | આમુખમાં દર્શાવેલ કોષ્ટકના ક્રમાંક (૬) પરના ટ્રેડ સિવાયના ટ્રેડમાં તાલીમના ટ્રેડ મુજબ પ્રતિ તાલીમ વર્ગ કૂલ રૂ.૧૦,૦૦૦/-થી રૂ.૧૫,૦૦૦/- સુધી, જ્યારે ક્રમાંક(૬) પરના ટ્રેડ (પ્લમ્બીંગ અને કડિયાકામ) માટે પ્રતિ તાલીમ વર્ગ મહત્તમ રૂ.૨૫,૦૦૦/-થી રૂ.૩૦,૦૦૦/- સુધી |
| ૮ | તાલામીર્થીઓને સ્ટાઇપેન્ડ | રૂ.૪૫૦૦/- પ્રતિ માસ મહત્તમ (પ્રતિ લાભાર્થીને) |
| ૧૦ | તાલીમ વર્ગનો સમયગાળો | તાલીમના ટ્રેડ મુજબ ૧૫ દિવસ થી ૬૦ દિવસ સુધીના |
| ૧૧ | અન્ય તાલીમ આનુષાંગિક પરચૂરણ અને આકસ્મિક ખર્ચ | યુનિટ કોસ્ટના ૫% મુજબ, જેમાં તાલીમ માટે બેનર,પ્રચાર સાહિત્ય, ઝેરોક્ષ, વાહતુક ખર્ચ, ઈન્સ્ટ્રકટર અને આસીસ્ટન્ટ ઈન્સ્ટ્રકટરનો તાલીમ સ્થળ આવવા જવાનો પ્રવાસ ખર્ચ, તાલીમના દિવસો ઉપરાંત તાલીમ સબંધિત વધારાના કામગીરી માટે કામગીરીના દિવસો મુજબ ઈન્સ્ટ્રકટર અને આસીસ્ટન્ટ ઈન્સ્ટ્રકટરને મહેનતાંણાનું ચુકવણું, તાલીમના સાધન ઓજારના રીપેરીંગ અને મેઈન્ટેનન્સ, આકસ્મિક તાલીમ સબંધિત ખરીદી, તાલીમ ઉદઘાટન/સમાપન માટે સરભરા ખર્ચ વગેરેનો સમાવેશ કરવાનો થાય છે. |

વિભાગના સરખા ક્રમાંકના તા.૧૫/૦૧/૨૦૨૧ અને તા.૦૮/૦૩/૨૦૨૧ના ઠરાવમાં શરત ક્રમાંક (૧૧) અને (૧૨)થી નીચે મુજબની શરતો ઉમેરવામાં આવે છે.

<u>શરત ક્રમાંક ૧૧-</u> ઉકત તાલીમ કાર્યક્રમના અંતે ઉત્પાદિત થતી વસ્તુઓમાં તાલીમાર્થીઓ દ્વારા બનાવેલ નમુનાઓ પોતાની પાસે રાખી શકશે. જેથી તેઓને નવા ઉત્પાદનો બનાવવા/તાલીમ લેવા માટે પ્રોત્સાહન મળતું રહે.

<u>શરત ક્રમાંક ૧૨-</u> તાલીમ કાર્યક્રમ દરમ્યાન ઉત્પાદિત થતી વસ્તુઓ જાહેર હિતની હોય તો તે બનાવ્યા અંગેનું પ્રમાણપત્ર સ્થાનિક સંસ્થા અથવા સંબંધિત એજન્સી પાસેથી લેવાનું રહેશે.

વિભાગના સરખા ક્રમાંકના તા.૧૫/૦૧/૨૦૨૧ અને તા.૦૮/૦૩/૨૦૨૧ના ઠરાવની અન્ય શરતો યથાવત રહેશે.

આ ઠરાવનો અમલ તા.૦૧/૦૪/૨૦૨૪થી કરવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર સચિવશ્રી (કુ.ઉ)ની નોંધ પર મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

Signature valid
Signed by:Rafik D Mansuri
Section Officer
Date: 2024.01.20 12:07:54 +05:30

Letter No: IMD/0221/01/2024 Dt: 20-01-2024

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સેક્શન અધિકારી

ઉધોગ અને ખાણ વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી (કુટિર અને ગ્રામોધોગ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય,ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (કુટિર અને ગ્રામોધોગ) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય,ગાંધીનગર.
- સચિવશ્રી (કુ.ઉ), ઉધોગ અને ખાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, કુટિર અને ગ્રામોધોગની કચેરી, ઉધોગ ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય, રાજકોટ/અમદાવાદ.
- નિયામકશ્રી , ગુજરાત માટીકામ કલાકારી અને રૂરલ ટેકનોલોજી સંસ્થાન, ગાંધીનગર.
- કોમ્પ્યુટર સેલ, ઉધોગ અને ખાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર. (વેબસાઇટ પર પ્રસિદ્ધ કરવા સારૂ)
- સિલેક્ટ ફાઇલ .

Signature valid
Signed by:Rafik D Mansuri
Section Officer
Date: 2024.01.20 12:07:54 +05:30